એક ઝાડને મથાળે બાંધ્યો, અને આ માળામાં કબુતરની માદાએ પોતાના બે સફેદ ઈંડાં મુકયાં. (૨.) એક નોળીયો, જેણે પુષ્કળ ઉંદરો, પક્ષીનાં બચ્ચાં અને જીવજંતુ પકડીને ખાધાં હતાં, તે માત્ર જરા ફેરફારને માટે બીજી કાંઈ ચીજ, જે સુંદર હોય, તેની શોધમાં હતો. (૩.) જે ઝાડમાં જંગલી કબુતરોએ માળા બાંધ્યાં હતા, તેની હેઠેથી તે પસાર થતો હતો, અને પોતાની તીક્ષણ નાની આંખો વડે તેણે ઉપરની ડાંખળી ઉપર છેક ઉંચે માળો જોયો. (૪.) તેથી તેણે કદાચ પોતાના મન સાથે વિચાર કીધો, "કબુતરનું ઈંડું ઘણીજ ઉત્તમ ચીજ છે. મારાં ખાણાને માટે તે મળવું ચાલશે. મને એક ઈંડું મળી શકે તેની આગમજ મને ઝાડ ઉપર ચઢવું પડશે. પણ હું ધારૂં છું કે હું તે તદન બરાબર રીતે કરીશ. (૫.) તે તદન બરાબર રીતે જાણતો હતો કે પોતાના લાંબા, પાતળાં શરીર, ટુંકી પુછડી, ટુંકા મજબુત પગ અને તીક્ષણ નખ સાથે, ઝાડ ઉપર ચઢી જવું તદન સેહલું કામ હતું. (૬.) જે ડાંખળીઓ ભાંગી ગઈ હતી, તેના ઠુંઠાં પકડીને, અથવા જે ડાંખળીઓ હજી સારી હતી, તેના ઠુંઠાં પકડીને, તે ઝાડના થડઉપર સીધો ચઢી ગયો. (૭) જયાં સુધી તે જંગલી કબુતરના માળા આગળ આવી લાગ્યો, ત્યાં સુધી એક જગાએથી બીજી જગાએ, એક ડાંખળી ઉપરથી બીજી ડાંખળીઉપર, વધારે અને વધારે ઉંચે તે ચઢયો. (૮.) અંદર ડોકીયું કરીને જોતાં, જે ઘણીજ ઉત્તમ ચીજ તે આતુરતાથી ઈચ્છતો હતો,-એટલે બે સ્વચ્છ સફેદ ઈંડાં તેણે જોયાં. તેની લુબ્ધ આંખોને તેઓ કેવાં સુંદર દેખાયાં. (૯.) તે જંગલી કબુતરોએ તેને દીઠો, અને અકળતાં, તેઓએ ઘણી ધાંધળ કીધી, કારણ કે તેઓ તે નોળીયાને ઓળખતાં હતાં, અને તેઓનાં ઈંડાં શામાટે ચોરાઇ જાય, તેનું તેઓ કાંઇ કારણ જોઇ શકયાં નહિ. (૧૦.) પણ તેણે તેઓની ઘણી દરકાર કીધી નહિ, કારણ કે તે તદન સારી પેઠે જાણતો હતો કે તેઓ કાંઇ કરી શકશે નહિ. તેઓ તેની સામે લડી શકશે નહિ. તેઓ તેને અટકાવી શકશે નહિ. (૧૧.) જે સઘળું તેઓ કરી શકયાં, તે ઘોંઘાટ કરવાનું હતું. કાંઇ વધુ નહિ. અને જ્યારે તે બીજાં પ્રાણીઓનો શીકાર કરતો હતો, અથવા તેઓને પકડતો હતો, ત્યારે તેઓ જે ઘોંઘાટ કરતાં હતાં, તેનો તેને મહાવરો પડયો હતો. (૧૨) તે પોતે કદી ધાંધળ કરતો ન હતો. જો એક કુતરો તેને પકડતો હતો, તો તે કરડતો હતો. તે પોતાના દાંત તે કુતરાના હોઠ અથવા ગાળમાં બેસાડતો હતો અને લડતાં લડતાં મરી જતો હતો. (૧૩.) અને જો તે માર્યો જતો, તો તે પોતાના દાંત, નખ, અથવા વાસ વડે તે કુતરા ઉપર પોતાની ઈધાણી રહેવા દેતો, અને પોતાનું મરણ કાંઇક એવું કરતો, કે જેને તે કુતરો કદી ભુલે નહિ." તેથી તે જંગલી કબુતરોએ જે ધાંધલ કીધી તેની તેણે ઘણી દરકાર કીધી નહિ.

THE WEASEL AND THE PIGEON'S EGG.

નોળીયો અને કબુતરનું ઈંડું

(CONCLUDED) સેવટ આવ્યું

2. THE DESCENT. નીચે ઉતરવું.

Concluded, *v. t.* (કનકલુડેડ) સેવટ આવ્યું. (**कन्क्लूडेड्**) **समाप्त केली**. Brought to an end. L. *Con*, & *claudo*, I shut. [L. *De*, & *scando*, I climb.
Descent, *n.* (ડિસેન્ટ) નીચે ઉતરવું. (**डिसेन्ट्**) **खालीं उतरणें**. Coming down.
Tumbling, *pres. part.* (ટમબ્લિંગ) ગબડતો. (**टंब्लिंग**) **गडगडत**. Rolling.
Besides, *ad.* (બિસાઈડઝ) એ ઉપરાંત. (**बिसाइड्स**) **खेरीज**. In addition to.
Enemy, *n.* (એનિમિ) દુશમન. (**एनिमी**) **शत्रु**. Foe. L. *In*, & *amicus*, a friend

Keeper, *n.* (કીપર) શીકારી પક્ષીઓના રખેવાળ. (कीपर) राखणारा, मालक. The game-keeper, a servant who looks after the birds on an estate.

Should happen to come ભોગ જોગે આવે. जर कदाचित आला. Should come by chance.

Spy, *v. t.* (સ્પાઇ) જોવું (स्पाय) पाहणें. See. L. *Specio*, I see.

Chance, *n.* (ચાન્સ) તક. (चॅन्स) संधी. Opportunity. L. *Cado*, I fall.

Meant, *v t.*. (મેન્ટ) ધારણા રાખી. (मॅन्ट) हेतु धरला. Intended. [strong.

Comfort, *n.* (કમ્ફર્ટ) નિરાંત. (कंमफर्ट) स्वस्थता. Ease. L. *Con*, & *fortis*,

Dodge, *n.* (ડૉજ) ઠગાઈ; યુક્તિ. (डॉज) युक्ति. Trick.

Secret, *n.* (સિક્રેટ) ભરમ. (सीक्रेट) गुप्त गोष्ट. A thing not discovered. L. *Se*, & *cerno*, to distinguish.

Had been handed, *v. t.* (હેન્ડેડ) વંશ પર પરા ઉતર્યું હતું. (हॅन्डेड) वंश परंपरेनें समजलेलें. Transmitted in succession. [families. L. *Genus*, a race.

For generation, (જેનરેશન) કેટલીક પેઢી સુધી. (जनरेशन्) पिढी. For several

Naturally, *ad.* (નૅચરલિ) કુદરતી રીતે; સહેલાઇથી. (नॅचरली) स्वाभाविकपणें. Easily. L. *Natus*, born. [the under lip.

Chin, *n.* (ચિન) હડપચી. (चिन्) हनुवटी. The part of the face beneath

Tight, *ad.* (ટાઇટ) મકકમ. (टाइट्) घट्ट. Firmly.

Chest, *n.* (ચેસ્ટ) છાતી. (चेस्ट्) छाती. Breast.

Head first, માથું નીચું રાખીને. खाली डोकें करून. Head down. [*Ago*, to do.

Acting, *pres. part.* (ઍકટિંગ) પ્રમાણે ચાલીને. Doing according to. L.

Clinging, *ger*, (ક્લિંગિંગ) વળગી રહેવા. (क्लिंगिंग्) चिकटून रहाणें. Adhering.

Bark, *n.* (બાર્ક) છાળ. (बार्क) सांठ. Outer covering. [Making steady.

Steadying, *pres. part.* (સ્ટેડિઇંગ) સ્થિર કરીને. (स्टेडिइंग्) स्थिर करून.

Journey, *n.* (જાર્ની) મુસાફરી. (जर्नी) प्रवास. Travel. L. *Dies*, a day.

Snug, *adj.* (સ્નગ) સુખદાયક. (स्नग्) चांगलीशी. Comfortable.

Dainty, *adj.* (ડેનટિ) સ્વાદિષ્ટ. (डेंटि) स्वादिष्ट. Delicious. [nice to eat.

Tit-bit, *n.* (ટિટ-બિટ) સારું સારું ખાવાનું. (टिट् बिट्) मजेदार खाणें. Something

Painstaking, *adj.* (પેનસ્ટેકિંગ) મેહનતુ. (पेन्सटेकिंग) मेहनती. Laborious.

Mate, *n.* (મેટ) સાથી. (मेट्) साथीदार. Companion.

Scent, *n.* (સેન્ટ) સોડમ. (सेंन्ट्) वास. Smell. L. *sentio*, I feel. [hare.

Rabbit, *n.* (રૅબિટ) સસલું. (रॅबिट्) ससा. A small animal allied to the

Gave up, *v. t.* (ગેવ અપ) છોડી દીધું. (गेव्ह अप) सोडून देत. Left off.

Chase, *n.* (ચેઝ) શીકાર. (चेस) पाठलाग. Hunt L. *Capio*, I take.

Prey, *n.* (પ્રે) શીકાર. (प्रे) भक्ष्य. That which is seized by animals or birds to be devoured. L. *Proeda*, booty. [cavity of the skull.

Brain, *n.* (બ્રેન) ભેજું. (ब्रेन्) मेंदु. The mass ob nervous matter in the

Plucky, *adj.* (પ્લકિ) બહાદુર. (प्लकी) शूर. Brave.

Fellow, *n.* (ફેલો) જનાવર. (फेलो प्राणी. Animal. [*tango*, I touch

Attack, *v. t.* (ઍટેક) હુમલો કરવો. (अटॅक) हल्ला करणें. Assault. L. *Ad.* and

Fierce, *adj.* (ફિયર્સ) ઝનુની. (**फिअर्स**) **भयंकर** F. urious. L. *Ferox*, Fierce.
Right royal, જબરી. **जबरदस्त, मोठें**. Grand.
Right, *ad.* (રાઇટ) ખરેખર. (**राइट्**) **खरोखर**. Truly. [L. *Rectus*, Straight
Royal, *adj.* (રૉયલ) બાદશાહી. (**रॉयल्**) **बादशाही**. Kingly. L. *Rex*, a King.
Takes place, થાય છે. **घडून येते**. Occurs. [*Vinco*, to conquer.
Victory, *n.* (વિક્ટરી) જીત (**विक्टरी**) **जय**. Success. L. [*Genus*, a race.
Generally, *ad.* (જેનરલિ) ઘણું કરીને. (**जनरली**) **साधारणपणें**. Usually. L.

(૧.) તે નોળીયાએ જ્યારે પેલાં બે સફેદ ઇંડાં જોયાં ત્યારે તે ખુશી થયો, અને તે વિચારતો જણાયો કે "આમાંના એક ઈંડાને ભાગ્યા વગર જમીન ઉપર લઈ જવાને હું કેમ શકિતવાન થઈશ?" (૨.) તે તદ્દન સારી રીતે જાણતો હતો કે તે ખાવાને માટે ઉપર માળામાં થોભવું તેને માટે સલામત થઈ પડશે નહિ. પવનથી ડાંખળીઓ આમતેમ હાલતી હતી, અને તે હેઠે ગબડતો જવા માંગતો ન હતો. (૩.) તે ઉપરાંત, જો તેનો દુશમન, રખેવાળ, પોતાની બંદુક લઇને ભોગજોગે આવી લાગે, અને તેને શોધી કાઢે, તો તેને નાસી જવાને કાંઈ તક રહે નહિ. (૪.) નહિ. તે આમાંનું એક સફેદ ઈંડું નીચે જમીન ઉપર લઈ જવા માગતો હતો. અને જ્યાં તેને કોઇ જોય નહિ, ત્યાં તે સુખે ખાવા માગતો હતો. (૫.) ભાગ્યા વગર જમીન ઉપર ઈંડું નીચે લઈ જવાની યુકિત તે પોતાના બાપ અને મા પાસેથી શીખ્યો હતો. અને તે કેમ કરવું તે તેઓ પોતાની અગાઉ પોતાના માય અને બાપ પાસેથી શીખ્યા હતા. (૬.) તે એક નોળીયાને લગતો ભરમ હતો, અને એક નોળીયાથી બીજા નોળીયામાં પહેડી દર પહેડી ઉતરી આવ્યો હતો. (૭.) જાણે કે તે ખાતો હોય, તેમ તેનો વિચાર કર્યા વગર, તેણે તે ઇંડું સહેલાઈથી, પોતાના ચપળ આગળા પંજા, અને તીક્ષણ નખ વડે પોતાની હડપચીની હેઠે ગબડાવ્યું અને પોતાની હડપચી અને છાતીની વચ્ચે તેને તે મજબુત પકડી રાખ્યું. (૮.) માથું નીચું રાખીને ઝાડના થડ ઉપરથી નીચે ઉતરવું કદી ચાલશે નહિ. જો તેની હડપચીની તળે ઇંડું ન હોત તો કદાચ તે તેમ કરી શકતે. જો તેમ હમણા કરવાની તે કોશેશ કરે તો ઇંડું પડીને ભાગી જાય. (૯.) તેણે નોળીયાના ભરમ પ્રમાણે ચાલીને, તે પુછડી હેઠે રાખીને નીચે ઉતરવા ગોળ ફર્યો. (૧૦.) ઝાડની છાલને બાઝી રાખવા પોતાનાં તીક્ષણ નખ વાપરીને, અને પોતાની નાનીં પુછડી વડે સ્થિર થઇને, આખો વખત તે ઇંડું પોતાની હડપચી અને છાતી વચ્ચે દાબી રાખીને ત ધીમેથી અને સંભાળથી હેઠે ઉતર્યો. (૧૧.) આખરે તે મુસાફરી સહી સલામત રીતે પુરી થઈ. જમીન ઉપર તે પુગો. તે ઇંડું ભાગ્યું ન હતું. તે નાના ચોરને, કોઇ છુપી સુખદાયક જગા, કે જ્યાં જણાયા વગર તે સ્વાદિષ્ટ સારૂં ખાવાનું ખાઇ શકે, તે શોધી કાઢવા શિવાય, હવે કાંઇ કરવાનું ન હતું. (૧૨.) આ એક ભરમ ઉપરાંત બીજા નોળીયાને લગતા ભરમો છે. તે બીજી રીતે એક હુશિયાર મહેનતુ નાનું પ્રાણી હતું. (૧૩.) જો તે અને તેનો સાથી જમીન ઉપર શીકાર કરતાં હોય, તો ઝાડીની એકકી બાજુ ઉપર એકેક જણ રહીને, તેઓ સાથે શીકાર કરે. (૧૪.) જ્યારે એકવાર કોઈ સસલાં કે કોઇ બીજાં પ્રાણીનો વાસ તેઓને આવતો, ત્યારે જ્યાં સુધી તેઓ તેને પકડે, ત્યાં સુધી તેઓ આગળ અને આગળ તેની પુઠે જાય. (૧૫) જો એકને વાસ નહિ આવે, તો બીજો તે લઈ લે, અને આ પ્રમાણે તેઓ એક એકને મદદ કરે. (૧૬.) તેઓ કદાચજ શીકાર કરવાનું છોડી દે, પણ માઇલોના માઇલ સુધી આ પ્રમાણે શીકાર કરે. (૧૭.) અને જ્યારે તેઓનો શીકાર તેઓના સપાટામાં આવે, ત્યારે તેની ગરદનના આગળા ભાગ ઉપર તેઓ કુદી બેસે, અને પછવાડેથી પોતાના તીક્ષણ નાના દાંતો તેના ભેજામાં ઘોંચી દે, અને તેને ઝડપથી મારી નાખે છે. (૧૮.) નોળીયો વળી એક હિમ્મ-

તવાન નાનું પ્રાણી છે. જ્યારે બીજો ખોરાક મેળવવો સેહલો હોતો નથી, અને તે ઘણો ભુખ્યો હોય છે, ત્યારે તે કોઇ કોઇવાર ઝનુની ભુરા ઉંદર ઉપર હુમલો કરે છે. (૧૯.) પછી એક જબરી લડાઇ ચાલે છે. કોઈ કોઇ વખત એક જીત મેળવે છે, કોઈ વાર બીજું જીત મેળવે છે પણ ઘણું કરીને નોળીયો જીત મેળવે છે.

BISHOP HATTO. ધર્માધ્યક્ષ હૅટો.

Bishop, *n.* (બિશપ) ધર્માધ્યક્ષ. (**बिशप**) **धर्माध्यक्ष**. A high church officer.

A tumn, *n.* (ઑટમ) પાનખર રતુ, (**ऑटम्**) **पावसाळा**. The third season of the year, in which, the leaves of trees fall off. L. *Augeo*, to increase.

W t, *adj.* (વેટ) ભીનાશવાળા. (**वेट्**) **पाण्याचे**. Damp. [*Pius*, pious.

Piteous, *adj.* (પિટિયસ). દયાજનક. (**पिटिअस**) **कींव येण्यासारखा**. Sad. L.

Sight, *n.* (સાઇટ) દેખાવ.(**साइट्**) **देखावा**. Spectacle.

Rotting, *pret. part.* (રૉટિંગ) કોહી જતો.(**रॉटिंग**) **कुजत**. Decaying.

Starving, *adj.* (સ્ટારવિંગ) ભુખે મરતાં. (**स्टार्व्हिंग**) **उपाशीं मरणारे**. **Dying** with hunger.

Crowded, *v. t.* (ક્રાઉડેડ) એકઠાં થયાં. (**क्राउडेड्**) **गर्दी करीत**. Flocked.

Plentiful, *adj.* (પ્લેનટિફુલ) ભરપુર. Abundant.

St re, *n.* (સ્ટોર) ભરી રાખેલો માલ. (**स्टोअर**) **सांठा**. Things **laid** up.

Neighbourhood, *n.* (નેબરહુડ) પડોશીઓ (**नेबरहूड्**) **शेजारी**. Those who live near. [for grain. E. *Granum*, a grain.

Granaries, *n.* (ગરેનરિઝ) અનાજના કોઠાર. (**ग्रेनरीज**) **कोठारें**. Store-house

Were furnished, *v. t.* (ફરનિશડ) ભરેલી હતી. (**फार्निश्ड्**) **भरलेलीं**. Stored.

Appointed, *v. t.* (ઍપૉઇન્ટેડ) નક્કી કીધો. (**अपॉइन्टेड्**) **नेमला**. Fixed. L. ***Ad***, **and** *Punctum*, **a** point. [*Quies*, **rest**.

To quiet, *inf.* (ક્વાએટ) તૃપ્ત કરવાને. (**क्वाएट्**) **तृप्त करणें**. To satisfy. L.

Delay, *n.* (ડિલે) ઢીલ. (**डिले**) **खोटी**. Puttint off. L. *De*, & *fero*, **I** bear.

Bade, *v. t.* (બૅડ) ફરમાવ્યું. (**बेड्**) **फरमावलें**. Ordered.

Barn, *n.* (બાર્ન) કોઠાર. (**बार्न**) **कोठार**. Store-house. [native country.

Repair, *inf.* (રિપૅર) જવું. (**रिपेअर**) **जाणें**. Go. L. Re, & *patria*, one's

Rejoiced, *p. p.* (રિજૉઇસ્ડ) ખુશી થઇને. (**रिजॉइस्ड्**) **आनंदित झालेले**. Delighted. L. *Re*, & *gaudium*, joy.

Tidings, *n.* (ટાઇડિંગઝ) ખબર. (**टायडिंग्ज**) **खबर**. News.

Folk, *n.* (ફોક) લોકો. (**फोक**) **लोक**. People. L. *Vulgus*, A crowd.

Hold, *v. i.* (હોલ્ડ) સમાવી શકે. (**होल्ड्**) **समावणें**. Contain.

Made fast, બંધ કીધુ, **बंद केला**. Fastened.

Mercy, *n.* (મર્સી) દયા. (**मर्सी**) **दया**. Pity. [**anoint.**

Christ, *n.* (ક્રાઇસ્ટ) ઇસુખ્રિસ્ત. (**क्राइस्ट्**) **येशूख्रिस्त**. The saviour. Gr *Chriso*, to

I' d faith, ખરેખર. **खरोखर**. Truly. L. *Fides, faith.*

Bonfire, *n.* (બૉનફાયર) ફતેહની ખુશાલીમાં સળગાવેલો મોટો આતશ. (**बॉनफायर**)

मजेदार होळी. A fire lit to show great joy. [elsus, raised high.
Excellent, *adj.* (એક્સિલંટ) સૌથી સરસ. (एक्सलंट) उत्कृष्ट. Grand. L. *Ex*, &
Quoth, *v. t.* (ક્વોથ) બોલ્યો. (क्वोथ) म्हणाला. Said.
Is obliged, *v. t.* (ઓબ્લાઈજ્ડ) આભારી છે. (ओब्लाइज्ड) आभारी आहे. Is indebted to. L. *Ob*, & *ligo*, I bind.
Ridding, *Ger.* (રિડિંગ) છુટકારો કરવો. (रिडिंग) दूर करणें, सोडवणें. Freeing.
Forlorn, *adj.* (ફરલૉર્ન) કંગાળ. (फर्लॉर्न) कंगाल. Miserable. [*sumo*, to take.
Consume, *v.t.* (કનસ્યુમ) ખાઈ જાય છે. (कनस्युम) खाणें. Eat up. L. *Con*, &
Merrily. *ad.* (મીરલિ) આનંદથી. (मेरिली) आनंदानें. Cheerfully.
Innocent, *adj.* (ઇનોસંટ) નિર્દોષ. (इनोसेंट) निर्दोषी. Harmless. L. *In*, & *noceo*, to hurt.
Picture, *n.* (પિક્ચર) છબી. (पिक्चर) चित्र. Likeness. L. *Pingo*, to paint.
Sweat, *n.* (સ્વેટ) પરસેવો. (स्वेट्ट) घाम. Perspiration.
Frame, *n.* (ફ્રેમ) ચોકડું. (फ्रेम) चौकट. A kind of case made for admitting things L. *Formo*, to shape. [& *teneo*, I hold.
Countenance, *n.* (કાઉન્ટનન્સ) ચહેરો. (काउन्टिनन्स) चेहरा. Face. L. *Con*,
White, *adj.* (વ્હાઇટ) ફિક્કો. (व्हाइट्ट) फिक्का. Pale.
Alarm, *n.* (ઍલાર્મ) ધાસ્તી. (अलार्म) भीति. Fear. L. *Ad*, & *arma*, arms.
Presently, *ad.* (પ્રેઝન્ટલિ) તરતજ. (प्रेझेंटली) इतक्यांत. Shortly afterwards.
Lord, *n.* (લૉર્ડ) ખોદા. (लॉर्ड) खुदावंत. God.
Forgive, *v. t.* (ફરગિવ) માફ કરે. (फरगिव्ह) क्षमा करणें. Pardon.
For yesterday, ગઇ કાલના તમારા ગુનાહને માટે. काल केल्याकृत्याबद्दल. For your sin yesterday. [L. *Turris*, a tower.
Tower, *n.* (ટાવર) મહેલ; મિનારો. (टॉवर) मनोरा. Palace: a lofty building
Rhine, *n.* (રહાઇન) રાઇન નદી. (ऱ्हाइन्) ऱ्हाइन नदी. A river in the middle of Europe, falls into the North Sea.
Steep, *adj.* (સ્ટીપ) ઉભા. (स्टीप) उभें. Precipitous.
Hastened, *v. t.* (હેસન્ડ) દોડી ગયો. (हेसन्ड) धांवला. Ran away.
Barred; *v. t.* (બારડ) બંધ કીધા. (बार्ड) बंद केल्या. Shut. [in a wall.
Loopholes, *n.* (લપહોલ્ઝ) તીરકસ. (लूपहोल्स) भिंतींतील भोकें. Small holes
Closed, *v. t.* (ક્લોઝ્ડ) બંધ કીધી. (क्लोज्ड) मिटले. Shut. L. *Claudo*, I shut.
Scream, *n.* (સ્ક્રીમ) ચીચીયારી. (स्क्रीम) किंचाळी. Shriek.
Arise, *inj.* (ઍરાઈઝ) ઉઠવું. (अराइज) उठणें. Get up.
Flame, *n.* (ફ્લેમ) ધગધગતું બળતું. (फ्लेम) ज्वालायुक्त. Blaze.
Pillow, *n.* (પિલો) તકીયો. (पिलो) उशी. A cushion to support the head when reposing on a bed L. *Pulvinus*, a cushion.
Whence, *ad.* (વ્હેન્સ) જ્યાંથી. (व्हेन्स) जेथून. From which place.
Drawing near, નજદીક આવતું હતું. जवळ जवळ येत होतें. Approaching.
To be told, *inf.* (ટોલ્ડ) ગણાવાને. (टोल्ड) गणले जाणें. To be counted.
Score, *n.* (સ્કોર) કુડી. (स्कोर) कोडी, वीस. Twenty.

Myriads, *n.* (મિરિયડ્ઝ) મોટી સંખ્યા. (**मिरिय्डस**) **असंख्य**. Countless numbers.
Judgment, *n.* (જજમેન્ટ) ઇશ્વરી શિક્ષા. (**जजमेंट्**) **शिक्षा**. Punishment sent by god. L. *Judico*, to judge.
Had been witnessed, *v. t.* (હેડબિન વિટનેસ્ડ) જોવામાં આવ્યું. (**हॅड्बीन् विट्नेस्ड्**) **पाहिलेली**, [**अनुभविली**. Seen.
Of yore. અસલના વખતમાં. **पूर्वी कधीं**. In old times.
Beads, *n.* (બીડ્ઝ) ભણવાની હારડીના દાણા. (**बीड्स**) **मणी**. The beads in his [rosary.
Tell, *v.t.* (ટેલ) ગણવું. (**टेल्**) **ओढणें, मोजणें**. Count.
Gnawing, ger. (નૉઇંગ) દાંતનો અવાજ. (**नॉइंग्**) **करकरणें**. Biting.
Helter-Skelter, *ad.* (હેલ્ટર-સ્કેલ્ટર) ગભરાટ અકરાટમાં. (**हेटल्र-स्केल्टर्**) **घाईनें व घांदलीनें**. In hurry and confusion.
Ceiling: *n.* (સીલિંગ) સીલિંગ. (**सीलिंग्**) **तक्तपोशी**. Boards in the roof L. [*Coelum*, the heavens.
Whetted, *v. t.* (વ્હેટેડ) ધારવાળું બનાવ્યું. (**व्हेटेड्**) **धार दिली**. Sharpened.
Pick, *v. t.* (પિક) ભોકવું. (**पिक्**) **बोंचणें**. Pierce.

(૧.) ઉનાળો અને પાનખર ઋતુ એટલી તો ભીનાશવાળી હતી, કે શિયાળામાં હજી અનાજ ઉગતો હતો; અનાજને જમીન ઉપર કોહતો પડેલો ચોતરફ જોવું એ દયાજનક દેખાવ હતો. (૨.) દરરોજ ભુખે મરતાં ગરીબો પાદરી હૅટોના દરવાજાની આસપાસ ભેગા થતાં હતાં, કારણ કે તેની પાસે ગયાં વર્ષનો પુષ્કળ ભરી રાખેલો અનાજ હતો, અને બધાં પાડોશીઓ કહી શકતાં હતાં, કે તેના અનાજના કોઠાર સારી રીતે ભરેલા હતા. (૩.) આખરે પાદરી હૅટોએ ઢીલ વગર ગરીબોને શાંત કરવાને એક દિવસ મુકરર કીધો; તેણે તેઓને પોતાના મોટા કોઠારમાં જવાને ફરમાવ્યું, અને તેઓને ત્યાં શિયાળાને માટે ખોરાક મળશે. (૪.) આવી શુભ ખબર સાંભળીને ખુશી થઈને ગરીબ લોકો ચોતરફથી ભેગા મળ્યાં; તે મોટો કોઠાર જેટલાં સમાઈ શકે એટલાં સ્ત્રી, છોકરાં, જુવાન અને બુઢાંઓથી ભરાઇ ગયો. (૫.) ત્યારપછી જ્યારે પાદરી હૅટોએ જોયું કે તેમાં વધારે સમાઇ શકતાં નથી, ત્યારે તેણે દરવાજો બંધ કીધો: અને જ્યારે તેઓએ દયાને માટે ક્રાઇસ્ટને અરજ ગુજારી, ત્યારે તેણે કોઠારને આગ લગાડી, અને સઘળું બાળી નાખ્યું. (૬.) તે બોલ્યો, "ખરેખર તે ફતેહની ખુશાલીમાં સળગાવેલો ઘણોજ સરસ આતશ છે, અને ઉંદરો, કે જેઓજ માત્ર અનાજનો નાશ કરે છે, તેઓથી આ ખરાબ વખતમાં દેશને મુકત કરવા માટે, તે મારો ઘણોજ આભારી છે." (૭.) તેથી ત્યારપછી તે પોતાનાં મહેલમાં પાછો ફર્યો, અને તે આનંદથી ખાણા ઉપર બેઠો, અને તે રાતના તે એક નિરદોષ માણસની માફક સુઇ ગયો, પણ પાદરી હૅટો કદી પાછો ઉંઘાયો નહિ. (૮.) સહવારના જ્યારે તે, દીવાનખાનું, કે જ્યાં તેનું ચિત્ર દીવાલની સામે ટાંગેલું હતું તેમાં દાખલ થયો, ત્યારે મોતના જેવો પરસેવો તેને આખે શરીરે પડયો, કારણ કે ઉંદરે, ચોકઠાંમાંથી તે ખાઇ ગયા હતા. (૯.) જ્યારે તે જોતો હતો, ત્યારે ખેતરમાંથી એક માણસ આવ્યો, તેનો ચહેરો ધાસ્તીથી સફેદ થઇ ગયો હતો; "સાહેબ, આજે સહવારે મે તમારા અનાજના કોઠાર ઉંઘાડયા, અને ઉંદરો સઘળો તમારો અનાજ ખાઈ ગયા." (૧૦.) ત્યાર પછી તરતજ બીજો દોડતો આવ્યો, અને તે જેટલો ફિક્કો થઇ શકે તેટલો ફિક્કો પડી ગયે હતો, તે બોલ્યો, "નાહસો, નામદાર પાદરી, નાહસો, દસ હજાર ઉંદરો (ગરીબો) આ રસ્તે આવે છે. ખોદા તમને આવતી કાલના પાપને માટે માફ કરે." (૧૧.) તેણે જવાબ આપ્યો, "હુ રહાઇન નદી ઉપરના મારા મીનારામાં જઇશ, તે જરમનીમાં સૌથી સલામત જગા છે; દીવાલો ઉંચી છે, અને કિનારા ઉભા છે, અને નદીનો પ્રવાહ જોશબંધ છે, અને પાણી ઉંડાં છે. (૧૨.) પાદારી હૅટો બીકથી નાસી ગયો, અને તે ઢીલ વગર રહાઇન નદી ઓળંગી

ગયો, અને પોતાના મિનારામાં પુગ્યો, અને સંભાળથી ત્યાંના સઘળાં બારી. બારણા, અને તીરકસો બંધ કીધાં. (૧૩.) તે સુઈ ગયો, અને ઉંઘાઇ ગયો, પણ તરતજ એક ચીચીયારીથી તે જાગી ઉઠયો; તે ચોંકી ઉઠયો, અને પોતાનો તકીયો, જ્યાંથી તે ચીચીયારી આવી હતી તેની ઉપર બે લાલચોળ આંખ જોઇ. (૧૪.) તેણે ધ્યાનથી સાંભળ્યું, અને જોયું; તે માત્ર એક બિલાડી હતી; પણ તે પાદરી તેથી વધારે બીધો, કારણ કે ઉંદરોનું જે લશકર નજદીક આવી લાગતું હતું, તેથી ધારતીથી ઘેલી બનીને તેણી ચીચીયારી પાડતી બેઠી હતી. (૧૫.) કારણ કે તેઓ આટલી ઉંડી નદી તરી આવ્યા છે, અને તેઓ આટલા ઉભા કિનારા ઉપરથી ચઢી આવ્યા છે, અને જે કામને માટે તેઓને મોકલવામાં આવ્યા હતા, તે કરવાને તેઓએ મિનારા તરફનો રસ્તો લીધો છે. (૧૬.) તેઓ ડજન અથવા કુડીને હિસાબે ગણાવાના નથી; તેઓ હજારોની, અને લખોની, અને તેથીબી વધારેની સંખ્યામાં આવે છે: એવી સંખ્યા અગાઉ કદી સાંભળવામાં આવી ન હતી, એવી ઇશ્વરી શિક્ષા અસલના વખતમાં કદી જોવામાં આવી ન હતી. (૧૭.) જ્યારે નજદીક આવતાં તે તેઓના દાંતનો કરડવાનો અવાજ વધારે અને વધારે મોટેથી સાંભળી શકયો, તે પાદરી પોતાના ઘુટણે પડયો, અને વધારે અને વધારે ઝડપથી તેણે પોતાના હારડીના દાણા ગણ્યા. (૧૮.) અને બારીએથી અંદર, અને દરવાજા માંથી અંદર, અને દીવાલમાંથી તેઓ અકરાટ ગભરાટમાં ધસી આવે છે, અને સિલગમાંથ હેઠે, અને જમીનમાંથી ઉપર, જમણી અને ડાબી ગમથી, પછવાડેથી અને આગળથી, અંદરથી અને બહારથી, ઉપરથી અને હેઠેથી, ધસારા બંધ આવે છે, અને સઘળાઓ પાદરી હેઠો તરફ જાય છે. (૧૯.) તેઓએ પથ્થરની સામે ઘસીને પોતાના દાંત ધારવાળા બનાવ્યા છે. અને હવે તેઓ તે પાદરીના હાડકાંમાં ભોંકે છે, તેઓ દરેક અવયવમાંથી માસ કરડી ખાય છે, કારણ કે તેઓને તેને સજા કરવાને મોકલવામાં આવ્યા હતા.

THE BOY WHO SAVED THE VILLAGE TANK.

જે છોકરાએ ગામનો તળાવ બચાવ્યો તે વિષે. गांवामधील तळयाचा बचाव करणाऱ्या मुलाविषयीं.

Tank, *n.* (ટેન્ક) તળાવ.(**टँक्**) **तळें**. Pond.
Lies, *v. i.* (લાઇઝ) આવેલું છે. (**लाइज़्**) **आहे**. Is situated.
Flat, *adj.* (ફ્લૅટ) સપાટ. (**फ्लॅट्**) **सपाट**. Not rugged. [the earth.
Country, *n.* (કંટ્રિ)મેદાન. (**कंट्रि**) **प्रदेश**. A tract of land. L. *Con*, & *terra*
Proper, *adj*, (પ્રોપર) બરાબર. (**प्रॉपर्**) **योग्य**. Due. L. *Proprius*, one's own.
Crops, *n.* (ક્રોપ્ઝ) પાક. (**क्रॉप्स**) **पिकें**. Harvest. [I draw tight
Distress, *n.* (ડિસ્ટ્રેસ) સંકટ. (**डिस्ट्रेस**) **संकट**. Trouble. L. *Dis*, & *stringo*,
Brim, *n.* (બ્રિમ) કોર. (**ब्रिम्**) **कांठ**. Border.
Mind, *v. t.* (માઇન્ડ) દરકાર કરવી. (**माइंड्**) **काळजी करणें**. To care.
To last, *inf.* (લાસ્ટ) ચાલવું. (**लास्ट्**) **पुरणें**. continue. [*Barba*, a beard.
Barber, *n.* (બારબર) હજામ. (**बार्बर्**) **न्हावी**. One who shaves beards. L.
Message, *n.* (મિસેજ) સંદેશો. (**मेसेज़्**) **निरोप**. Errand. L. *Mitto*, I send.
Brother-in-law, *n.* (બ્રધર-ઇન-લૉ) સાળો; બનેવી.(**बद्रइन्लॉ**) **मेहुणा**. The brother of one's husband or wife.
Jackals, *n.* (જૅકૉલ્ઝ) શિયાળ. (**जॅकॉल्स**) **कोल्हे**. Fox.

Bund, *n.* (બંડ) પાળ. (**बंड्**) **बांध**. Bank of earth. [a faulte
Brimful, *adj.* (બ્રિમફુલ) છલાછલ. (**ब्रिमफुल्**) **कांठोकांठ**. Full to the brim.
Mend, *v. t.* (મેન્ડ) સમારવું (**मेन्ड्**) **दुरुस्त करणें**. Repair. L. *E*, & *mendum*.
Shivered, *v. t.* (શિવરડ) ધ્રુજ્યો. (**शिव्हर्ड्**) **कांपूं लागला**. Trembled.
Fever. *n.* (ફીવર) તાવ. (**फीवर्**) **ताप**. A hot distemper, affecting the whole body. L. *Febris*, fever.
Howl, *n.* (હાઉલ) પોકાર. (**हाउल्**) **कुई**. Outcry. [L. Terreo, I frighten.
Terribly, *ad.* (ટેરિબલિ) ઘણોજ. (**टेरिब्लि**) **अतिशय, भयंकर**. Exceedingly.
Faint *adj.* (ફેન્ટ) બેભાન. (**फेन्ट्**) **व्याकूळ**. Depressed.
Weak. *adj.* (ઉવીક) નબળો. (**वुइक्**) **अशक्त**. Feeble.
Pain, *n.* (પેન) દુ:ખ. (**पेन्**) **दुःख**. Distress. L. *Poena*, punishment.
Gradually, *ad.* (ગરેડ્યુઅલિ) રફતે રફતે. (**ग्रॅजुआलि**) **हळूहळू**. By degrees. L. *Gradus*, a step.
Sense, *n.* (સેન્સ) ભાન. (**सेन्स्**) **स्मृति**. Consciousness, L. *Sentio*, I feel.
Feeling, *n.* (ફીલિંગ) લાગણી. (**फीलिंग्**) **स्पर्शज्ञान**. Perception.
Watchman, *n.* (ઉવૉચમન) ચોકીદાર. (**वॉचमन्**) **पहारेकरी, रखवालदार**. Guard.
Earth, *n.* (અર્થ) મટોડી (**अर्थ्**) **माती**. Clay. [windpipe
Throat, *n.* (થરોટ) ગળું. (**थ्रोट्**) **गळा**. The neck containing gullet and
Begged, *v. t.* (બેગ્ડ) અરજ કીધી. (**बेग्ड्**) **प्रार्थना केली**. Requested.
Headman, *n.* (હેડમન) મુખી; પટેલ. (**हेडमन्**) **पाटील**. Chief.
Bangle, *n.* (બૅન્ગલ) બાંગડી. (**बँगल्**) **कडें**. An ornament for the wrist.
Praised, *v. t.* (પરેઝડ) વખાણ કરવામાં આવી. (**प्रेज्ड्**) **स्तुति केली**. Admired. L. *Pretium*, reward. | **Deed**, *n.* (ડીડ) કામ. (**डीड्**) **कृत्य**. Action.
To risk, *inf.* (રિસ્ક) જોખમમાં નાખવી. (**रिस्क्**) **धोक्यांत घालणें**. To endanger.

(૧.) રામપુરનું ગામ, એક સપાટ, ખુલ્લું મેદાન, કે જ્યાં ઘણા તળાવો છે, ત્યાં આવેલું છે. તેની આસપાસ ઘણા ચોખાના ખેતરો છે, અને જ્યારે વરસાદ બરાબર વખતે પડે છે, અને તળાવો ભરાય છે, ત્યારે ખેતરોને માટે પુષ્કળ પાણી હોય છે, અને લોકોને સારો પાક મળે છે, અને ખાવાને પુષ્કળ ચોખા મળે છે. (૨.) પણ એકવાર, બે વર્ષસુધી, ઘણોજ થોડો વરસાદ પડયો હતો. ખેતરો સુકાઇ ગયાં, કારણ કે તળાવોમાં પાણી ન હતું લોકો મોટાં સંકટમાં હતાં. તેઓએ વરસાદ મોકલવાને ખોદાની બંદગી કીધી, અને છેલ્લે સર-વાલે, લાંબો વખત સુધી થોભવા પછી, બે દહાડા સુધી ઘણો ભારે વરસાદ પડયો, જેથી રામ-પુરનો તળાવ તદન છલાછલ ભરાઈ ગયો, અને પછી વરસાદ બંધ પડયો. તોપણ લોકોએ તેની દરકાર કીધી નહિ, કારણ કે તેઓનાં મોટાં તળાવમાં ત્રણ મહિના સુધી તેઓને ચાલે એટલું પાણી હતું, અને તેટલા વખતમાં તેઓ પોતાનો પાક ઉગાડી શકે. (૩.) હવે તે ગામના હજામનો નવ વર્ષની ઉમરનો એક નાનો છોકરો હતો, કે જેનું નામ રંગા હતું. એક રાત્રે નવ વાગે નાનો રંગા બીજે ગામ, કે જ્યાં તેના બાપે તેને, પોતાના ભાઈવી ઉપર સંદેશો આપીને મોકલ્યો હતો, ત્યાંથી ઘર આવતો હતો. અંધારૂં થયું હતું, અને ઘણી ઠંડી પડતી હતી, અને રંગા જેમ બને તેમ ઝડપથી દોડયો, કારણ કે તેને શિયાળની બીક હતી, માર્ગમાં તેને તળાવ, કે જે, તે ગામથી આશરે એક માઇલ દુર હતો, તેની પાળ આગળથી પસાર થવું પડયું. તળાવ પાણીથી છલાછલ ભરેલો હતો; અને જેવો રંગા પાળની વચોવચમાં

આવ્યો, તેવોજ તેણે જોયું કે પાણી પાળ ઉપરથી ઉભાઈ જતું હતું, અને તેમાં એક નાનું દર પડ્યું હતું. (૪.) તેણે વારંવાર ગામડીયાઓ કનેથી સાંભળ્યું હતું, કે જો તળાવના પાણીથી પાળમાં એક ગાબડું પડે, તો જ્યાંસુધી આખરે તે પાળ ભાગીને પાણી નીકળી જાય, ત્યાં સુધી તે ગાબડું વધારે અને વધારે મોટું થતું જાય. તે જાણતો હતો કે જો પાણી નીકળી જાય, તો ગામડીયાઓ પોતાનો પાક ઉગાડી શકે નહિ, અને તેઓમાંના ઘણા મરણ પામે. પહેલ વહેલાં તેણે વિચાર કર્યો કે તે ઘર દોડી જઈને ગામડયાઓને જણાવે, કે જેથી તેઓ આવીને પાળ સમારે. પણ તેણે જોયું કે તે ગાબરૂં વધારે અને વધારે મોટું થતું જતું હતું, અને એક કલાકમાં તો તે એટલું તો મોટું થઇ જાય કે તેને કોઈ સમારી શકે નહિ. (૫.) ત્યારપછી તે નાનો છોકરો તે ગાબડાંમાં પોતાનું શરીર રાખીને પાળઉપર બેઠો, અને પાણીને નીકળી જતું અટકાવ્યું. (૬.) ઘણી ઠંડી પડતી હતી, તે આખે ડીલે તાવથી ધ્રુજતો હતો, શીયાળોના પોકાર તે પોતાની છેક નજદીક સાંભળી શકયો, અને ઘણે દુરથી કેટલાક વરૂઓનો પોકાર આવતો હતો. ઠંડી અંધારી રાતે બહાર થોભવાને તે ઘણોજ બીધો, તે દહાડે બાર વાગતા પછી તેણે કાંઇ ખોરાક ખાધો ન હતો, અને ભુખથી તે તદ્દન બેભાન અને નબળો થઇ ગયો હતો. તેણે ઘરમાં પોતાનું ભોજન ખાતાં પોતાના બાપ, મા, અને બહેનો અને ભાઇઓનો વિચાર કર્યો. તે એટલાં તો દુઃખમાં હતો, અને એટલો તો ઠંડો અને ભીનાઇ ગયો હતો, કે તેણે વિચાર્યું કે સહવાર અગાઉ તે મરી જશે. પણ રંગા એક ભલો, બહાદુર છોકરો હતો. તેણે તે પાળમાં ગાબડું રહેવા દેવાનો એકવાર પણ કદી વિચાર કર્યો નહિ. તેથી ત્યાં તે કલાકોના કલાક સુધી બેઠો. બાર વાગ્યા, પછી બે વાગ્યા, પછી ત્રણ વાગ્યા, પછી ચાર વાગ્યા, રફતે રફતે તે બીચારા નાના છોકરાએ સઘળી શુદ્ધિ અને લાગણી ખોહી દીધી, પણ તે ત્યાં બેઠો, તેનું નાનું શરીર પાણીને અટકાવતું હતું. તેના બાપે તેને બોલાવ્યો નહિ, કારણ કે તેણે ધાર્યું, કે તે તેના બંધેવી સાથે બીજા ગામમાં રહયો હતો, અને બીજે દહાડે પાછો આવશે. (૭.) સહવારના પાંચ વાગે તે ગામનો પોહરેગીર અને તેનો ભાઇ તળાવ આગળ ગયા, અને ત્યાં તેઓએ નાના રંગાનો ગાબડામાં બેઠેલો જોયો. પાણી તેના શરીર સુધી દોડી આવતું હતું અને તેને તદ્દન તરબોળ કરી નાખતું હતું, પણ તે ગાબડું વધારે મોટું થયું ન હતું. તે નાનો છોકરો મુવેલો જણાયો, કારણ કે તેની આંખો બંધ હતી. અને જ્યારે તેઓએ તેને હાથ લગાડયો ત્યારે તે હાલ્યો નહિ, અને જ્યારે તેઓ બોલ્યા, ત્યારે તેઓને જવાબ આપ્યો નહિ. તેઓએ તરત જોઇ લીધું, કે તેનું શરીર તે ગાબડાંને અટકાવી રાખતું હતું, અને તેણે તે પાળને ભાગી જતાં બચાવી હતી. કેટલાંક માણસો, જેઓ પોતાને કામે જતાં હતાં, તેઓને તેણે હાંક મારીને બોલાવ્યાં, રંગાને તે ગાબડાંમાંથી ખેંચી કાઢયો, અને તેને ઘર લઇ ગયા. તેઓએ તરત તે ગાબડાંને પથ્થર અને માટીથી બંધ કરી લીધું, અને તેને તદ્દન સહી સલામત બનાવ્યું. (૮.) રંગાને ચુલા આગળ મુકવામાં આવ્યો. તેના બાપે તેનું આખું શરીર મસળ્યું, અને થોડુંક ચોખાનું ગરમ પાણી તેના ગળામાં રેડયું. થોડેક વખતે તે હુશીયાર થયો. અને પોતાની આંખ ઉઘાડી. ત્યારપછી તે ધીમેથી બોલવા લાગ્યો, અને આગલે દિવસે. સંધેશો પાછો નહિ લાવવા માટે પોતાની સાથે ગુસ્સે નહિ થવાને પોતાના બાપને અરજ કીધી. ત્યારપછી જે લોકો નજદીક ઉભા હતાં, તેઓને તેણે તે પાળમાંના ગાબડાં વિષે અને તેમાં આખી રાત બેસીને તેણે તે કેવી રીતે અટકાવ્યું હતું તે કહયું. (૯.) ગામના મુખીએ તે ખબર સાંભળી, અને તે રંગાથી એટલો તો ખુશી થઇ ગયો, કે તેણે અને બીજા ગામડીયાઓએ થોડાક પૈસા એકઠા કીધા અને રંગાને માટે નવું કપડું અને એક રૂપાની બાંગડી ખરીદી. સઘળાઓએ તેનો ઉપકાર માન્યો, અને તેની વખાણ કીધી. તે એક બહાદુર છોકરો હતો, અને તેણે ખરેખર ઉમદા કામ કીધું હતું.

બીજાઓની જીંદગી બચાવવાને માટે પોતાની જીંદગી જોખમમાં નાખવાને તે બીધો ન હતો.

THE THREE RULES. ત્રણ કાયદા. तीन नियम.

Rule. *n.* (રૂલ) કાયદો. (**रूल**) **नियम.** Law; mode. L. *Rego*, to rule.
Iron. *adj.* (આયરન) સખત. (**आयर्न्**) **कडक.** Hard.
Savage, *adj.* (સૅવેજ) જંગલી. (**सॅव्हेज्**) **जंगली.** Wild. L. *Silva*, wood.
Worldly, *adj.* (ઉવરલ્ડલિ) આ દુન્યાને લગતાં; સાધારણ. (**वर्ल्ड्ली**) **साधारण प्रचारांतील.** Pertaining to this world; ordinary.
Golden, *adj.* (ગોલ્ડન) ઘણીજ કિંમતી. (**गोल्डन्**) **उत्कृष्ट.** Highly valuable.
Righteous. *adj.* (રાઇચસ) પહરેજગાર. (**राइचस्**) **सद्गुणी, साधु.** Pious. L. *Rectus*, Straight.

(૧.) લોખંડી કાયદો તે શું! જંગલી લોકોનો કાયદો. જો તમારૂં ભુડું કરવામાં આવે, તો તમે પાછું ભુડું કરો, આ લોખંડી (સખત) કાયદો છે. (૨.) રૂપેરી (કિંમતી) કાયદો તે શું? આં દુન્યાના માણસોનો કાયદો. જો તમારો પાડોશી તમારૂં ભલું કરે, તો તમે તેનું પાછું ભલું કરો, આ રૂપેરી કાયદો છે. (૩.) સોનેરી (ઘણોજ કિંમતી) કાયદો શું? પહરેજગાર માણસોનો કાયદો. જો તમારૂં ભુડું કરવામાં આવે, તો તમે પાછું તેના બદલામાં ભલું કરો. આ સોનેરી કાયદો છે.

ONE CANNOT PLEASE EVERY BODY.

દરેકનું મન સચવાય નહિ. सर्वांस एकच करणें शक्य नाहीं.

Market-town, *n.* (મારકેટ-ટાઉન) બજારવાળુ શહેર. (**मार्केट टॉऊन**) **बाजाराचें शहर.** A town with a market.
Fair, *n.* (ફેર) મેળો. (**फेअर**) **जत्रा.** A Stated meeting of buyers and sellers. L. *Forum*, a market place.
Fool, *n.* (ફુલ) મુર્ખ. (**फूल्**) **मूर्ख.** A silly person.
To be trudging, *inf.* (ટ્રજિંગ) ચાલતાં. (**ट्रजिंग्**) **चालत.** Walking.
Dusty, *adj.* (ડસ્ટિ) ધુળવાળો. (**डस्टी**) **धुळीनें युक्त.** Full of dust.
Load, *n.* (લોડ) બોજો. (**लोड्**) **ओझें.** Burden.
Wonder, *v. i.* (ઉવનડર) અજાયબ થવું. (**वंडर**) **नवल वाटणें.** Am surprised.
Shortly, *ad.* (શૉર્ટલિ) તરતજ. (**शॉर्ट्ली**) **लवकरच.** Soon.
Scamp, *n.* (સ્કૅમ્પ) લુચ્ચો; હરામી. (**स्कॅंप्**) **लुच्चा.** Good for nothing, worthless fellow.
Truly, *ad.* (ટ્રુલિ) ખરેખર. (**ट्रूली**) **खरोखर.** Really.
Iron age, કળયુગ. (**आयर्नएज्**) **कलीयुग.** The present age of Hindus in which everything is said to go wrong.
Respect, *n.* (રિસ્પેક્ટ) માન. (**रिस्पेक्ट्**) **मान, आदर.** Regard. L. *Re*, & *specio*, to see.
Mounted, *v. t.* (માઉન્ટેડ) ઉપર ચઢી બેઠો. (**माउंटेड्**) **वर बसला.** Sat upon. L *Mons*, a mountain.
Char-pai, *n.* (ચાર-પાઇ) ખાટલી. (**चार पाई**) **चार पायांची, खाट.** A low bedstead with four legs.
Close by, *ad.* (ક્લોસ બાઇ) પાસે. (**क्लोजबाय्**) **जवळच.** Near.
Exclaimed, *v. i.* (એકસક્લેમ્ડ) બોલી ઉઠ્યાં. (**एक्सक्लेम्ड्**) **उद्गारला.** Cried

out. L. *Ex*, & *clamo*, I cry out.
In one breath, એક અવાજે. **एकदम**. In one voice.
Tired, *p. p.* (ટાયર્ડ) હાંકેલો. (**टायर्ड**) **थकलेला**. Fatigued.
Lad, *n.* (લૅડ) છોકરો. (**लॅड्**) **मुलगा**. Boy.
Pity, *n.* (પિટિ) દયા. (**पिटी**) **दया, कींव**. Mercy, L. *Pius*, pious.
Continued, *v. i.* (કનટિન્યુડ) ચાલુ રાખ્યું. (**कंटिन्यूड्**) **आणखी बोलली**. went on speaking. L. *Con*, & *teneo*, I hold.
Are treating, *v.t.* (ટ્રીટિંગ) વર્તે છે. (**ट्रिटिंग**) **वागवीत आहेत**. Are behaving with.
Ashamed, *adj.* (ઍશેમ્ડ) શરમાયલો (**अशेम्ड्**) **शरमिंधा ; लज्जित**. Abashed.
Reproachful, *adj.* (રિપરોચફુલ) તાણા ભરેલા. (**रिप्रोच्फुल्**) **निंदाप्रचुर**. Finding fault. L. *Reciprocus*, turning back the same way.
Remarks, *n.* (રિમાર્ક્સ) ટીકા. (**रिमार्क्स**) **टीका**. Observations.
Pray, *v. t.* (પરે) મહેરબાની કરીને કહો. (**प्रे**) **कृपा करून स.ग.** I pray you to tell me. L. *Precor*, I pray.
Honest, *adj.* (ઑનેસ્ટ) ભલા. (**ऑनेस्ट्**) **प्रामाणिक, भला**. Good. L. *Honor* honour.
Brought up, *v. t.* (બરોટઅપ) ઉછેર્યું. (**ब्रॉट्अप्**) **वाढविला**. Bred up.
Foal, *n.* (ફોલ) વછેરો. (**फोल्**) **शिंगा, बच्चा**. A young ass.
Tied, *v. t.* (ટાઇડ) બાંધ્યા. (**टाइड्**) **बांधला**. Fastened.
Pole, *n.* (પોલ) વાંસ. (**पोल्**) **वांसा**. Bamboo.
Bridge, *n.* (બ્રિજ) પુલ. (**ब्रिज्**) **पूल**. A Structure over water to furnish a passage.
To kick, (કિક) લાત મારવી. (**किक्**) **लाथा झाडणें**. Strike with the foot.
Struggle, *inf.* (સ્ટ્રગલ) તરફડીયાં મારવાં. (**स्ट्रगल्**) **धडपड करणें**. To make violent efforts.
Jars, *n.* (જાર્ઝ) બરણીઓ. (**जार्स**) **मांडीं, घागरी**. Earthen vessels with large belleys and broad mouths.
Twisted, *v. t.* (ટવિસ્ટેડ) વાળી. (**टिवस्टेड्**) **पिळल्या**. Bent.
Was drowned, *v. t.* (ડ્રાઉન્ડ) ડુબી ગયો. (**वॉज्ड्राउन्ड**) **पाण्यांत बुडून मेला**. Perished in water.
Nearly, *ad.* (નિયરલિ) લગભગ. (**नियर्ली**) **बहुतेक**. Almost.
Was pushed, *v. t.* (પુશ્ડ) હડસેલાઈ ગયો. (**पुश्ड्**) **ढकलला गेला**. Was driven.
As well, *ad.* વળી. **सुद्धां**. Also.
Sadly, *ad.* (સૅડલી) દલગીરીમાં. (**सॅडली**) **खिन्न होऊन**. In grief.
Had ended, *v. i.* (એન્ડેડ) સેવટ લાવ્યો. (**एंडेड्**) **परिणाम झाला**, Concluded.

(૧.) એક બુઢો માણસ અને તેનો દીકરો એકવાર રસ્તેથી ચાલ્યા જતા, અને પોતાની આગળ એક ગધેડો હાંકતા હતા, કે જે તેઓ પાસેના બજારના શહેરમાં વેચવા ઇચ્છતા હતાં. તે દહાડે તે શહેરમાં એક મેળો ભરાવાનો હતો, અને તે બરડા માણસે ધાર્યું કે તે ગધેડું આશરે આઠ રૂપીઆમાં વેચી શકશે, અને તે પૈસા વડે, પોતાને માટે અને પોતાના છોકરાને માટે થોડાંક કપડાં ખરીદી શકશે. (૨.) એક માણસ, જે તેઓને મળ્યો, તે બોલ્યો, "આ તપતા દિવસે ધુળવાળા રસ્તા ઉપરથી ચાલતા જવામાં, તે બરડો માણસ કેવો બેવકુફ છે, જ્યારે તેનો ગધેડો બોજા વગર જાય છે. મને અજાયબ લાગે છે કે તેનું ગધેડું શું કામનું છે?" જ્યારે તે બુઢા માણસે આ સાંભળ્યું, ત્યારે તેણે પોતાના દીકરાને પોતાના ગધેડા ઉપર

બેસાડયો, અને પોતે પછવાડે ચાલ્યો. (૩.) એક બીજો માણસ તે પછી તરતજ બોલ્યો, "શુ ! જ્યારે તમારો ગરીબ બુઢો બાપ ચાલે, ત્યારે તમારા જેવા આળસુ, જુવાન બદમાશને સ્વારી કરવી લાયક છે ? ખરેખર કળયુગનો વખત છે. હવે છોકરાંઓને પોતાના માબાપને માટે કાંઈ માન નથી. જ્યારે હું નાનો હતો, ત્યારે એમ હતું નહિ. હું સ્વારી કરી મારા બાવાને ચાલવા દેવાને શરમાતે." જ્યારે તે ઘરડાએ આ સાંભળ્યું, ત્યારે તેણે પોતાના દીકરાને નીચે ઉતરવા કહયું અને પોતે ગધેડા ઉપર બેઠો. (૪.) આ વખત સુધીમાં તેઓ રસ્તા ઉપરના એક ગામડામાં આવી પુગા હતા, અને તેમાંથી પસાર થતા હતા. એક જુવાન માણસ પાસે પડેલી એક ચારપૈ ઉપર બેઠા હતો, અને બીજો માણસ અને બઇરી નજદીક ઉભાં હતાં. સઘળાં ત્રણ એક અવાજે બોલી ઉઠયાં, "તમે કદી આના જેવું અગાઉ જોયું હતું ? પેલાં આળસુ બુઢાને સ્વારી કરતો જુઓ, જ્યારે તેનો બીચારો દીકરો ચાલે છે ! ખરેખર તે ઘણો માયાળું, ભલો બાપ છે ! તે ગરીબ છોકરો કેટલો બધો થાકી ગયોં હશે !" તે સ્ત્રીએ બોલવાનું ચાલુ રાખ્યું, "તમને તમારા દીકરાને માટે દયા નથી ; તેની માય જાણે છે કે તમે તેની સાથે કેમ વરતો છો ?" તે બુઢા માણસે જ્યારે આ તાણા ભરેલા ટીકા સાંભળ્યા, ત્યારે તે પોતાને માટે તદ્દન શરમીંદો થયો. તેણે તે ગધેડાંને ઉભું રાખ્યુ, અને અને તે છોકરાને પોતાની પાછળ ઉપર બેસાડયો. (૫.) હવે તેઓ ગામના દરવાજા આગળ આવ્યા. તે ગામનો મુખી, જે ત્યાં ઉભો હતો, તે બોલ્યો, "પ્રમાણીક મિત્ર, મહેરબાની કરીને કહો, કે તે ગધેડું તમારૂં પોતાનું છે ?" તે માણસે કહ્યું, "હા, મારા શિવાય તે કોણનું છે ? શું પાંચ વર્ષની વાતઉપર મેં તેની માયને દશ રૂપૈયે ખરીદી ન હતી, અને આ બચ્ચું જ્યારથી જનમ્યું ત્યારથી, શું મેં તેને ઉછેર્યું નથી ?" તે બીજાએ જવાબ આપ્યો, "જે રીતે તમે તેની સાથે વરતો છો, તે ઉપરથી તો કોઈ એમ ધારે નહિ. તે બિચારૂં પ્રાણી તમને બેઉને સાથે ઉંચકી લઈ જાય, તેના કરતાં તમે અને તમારો દીકરો તેને ઉંચકી લઈ જવાને વધારે સારી રીતે શકિતવાન છો." (૬.) તે માલેકે જવાબ આપ્યો, "ઠીક છે, ત્યારે." ત્યારપછી તે અને તેનો દીકરો નીચે ઉતર્યા, તે ગધેડાંના પગ સાથે બાંધ્યા, અને એક મજબુત વાંસની મદદથી તેઓ તેને પોતાની વચ્ચે ઉંચકી ચાલ્યા. (૭) ગામડાંની બરાબર બહારની બાજુએ એક પુલ હતો. તે માણસ અને તેનો છોકરો તે પુલની વચ્ચો વચમાં આવ્યા, એટલામાં તે ગધેડું લાત મારવા લાગ્યું, અને સખત ખેંચતાણ કરવા લાગ્યું, કારણ કે એક ગાડું, જે પાછળ આવતું હતું, તેમાં મૂકેલી બરણીમાંના તેલનો તેને વાસ આવ્યો. તેણે અગાઉ તે તેલ ચાખ્યું હતું, અને તે તેને ઘણુંજ ગમ્યું. તે ગાડાંના હાકનારે પસાર થવાને સખત કોશેશ કીધી. તેણે પોતાના બળદની પુછડી મરડી, અને તેઓ જોસબંધ આગળ ધસ્યા. તે ગધેડાંને માટે અફસોસ. રસ્તો સાંકડો હતો, અને તે છુટથી પોતાને લાત મારતો હતો, તેથી તે તે પુલની દીવાલ ઉપરથી હેઠે નદીમાં પડી ગયો, અને ડુબી ગયો. તે બુઢો માણસ પણ ઘણો ખરો લગભગ અંદર ઘસડાઇ ગયો. અને તે છોકરો પણ સહેજમાં બચી ગયો. (૮.) તે બાપ પોતાના દીકરાને લઇને દલગીરીમાં ઘર ગયો. દરેકને ખુશી કરવાની કોશેશ કરવાએ, સેવટ એ આવ્યુ કે તે કોઇને પણ ખુશી કરી શકયો નહિ. અને વળી પોતાનો ગધેડો ખોયો. તેને અને તેના દીકરાને પોતાના કપડાંને માટે લાંબો વખત સુધી ખોટી રહેવું પડયું.

HALF THE PROFIT. અરધો નફો. प्राप्तीचा अर्धा वांटा.

Profit, *n.* (પ્રૉફિટ) નફો. (**प्रॉफिट**) **प्राप्ती. नफा.** Gain. L. *Pro*, & *facio*, I do.

Nobleman, *n.* (નોબલમન) ઉમરાવ. (**नोबलमन्**) **उमराव.** peer.

Palace, *n.* (પલેસ) મહેલ. (**पॅलिस्**) **वाडा.** A splendid place of residence.

L. *Palatium*, a palace.
A long way, દુર. दूर. Far away.
Held, *inf.* (હોલ્ડ) કરવી. (होल्ड्) करणें, देणें. Observe; celebrate.
Feast, *n.* (ફીસ્ટ) મેજબાની. (फीस्ट्) मेजवानी. Banquet. L. *Festum*, a Feast.
Invitations, *n.* (ઇનવિટેશનઝ) નોતરાં. (इन्व्हिटेशन्स्) निमंत्रणें. Requests to come. L. *Invito*, to call. [*latus*, carried
Relations, *n.* (રિલેશનઝ) સગાં. (रिलेशन्स्) आप्त. Kinsmen. L. *Re*, &
Vegetables, *n.* (વેજીટેબલ્ઝ) તરકારી. (व्हिजिटेबल्स्) भाज्या. Plants of which the leaves or roots are eaten. L. *Vigeo*, to flourish. [*cado*, I fall.
Occasion, *n.* (ઓકેઝન) ટાંકણું. (ऑकेझन्) प्रसंग. Time; event. L. *ob*, &
Rough, *adj.* (રફ) તોફાની. (रफ्) तुफानी. Stormy.
Very, *adj.* (વેરિ) તેજ. (व्हेरी) त्याच. Same.
Prize, *n.* (પ્રાઇઝ) પકડેલી માછલી. (प्राइझ्) पकडलेला (मासा) शिकार. The fish captured. L. *Prehendo*, I seize.
Fix, *v. t.* (ફિક્સ) નક્કી કર. (फिक्स्) ठरवणें. Settle.
Wedding, *ger.* (વેડિંગ) લગ્ન. (वेडिंग्) लग्न. Marriage.
Present. *n.* (પરેઝન્ટ) ભેટ. (प्रेझेंट) नजर, देणगी. Gift.
Longing, *v. t.* (લૉનગિંગ) ઇચ્છતા હતાં. (लाँगिंग्) इच्छा करीत असणें. Wishing.
Lashes, *n.* (લૅશિઝ) ચાબકાનો માર. (लॅशेस्) फटके. Strokes with a whip.
Bare, *adj.* (બેર) ઉઘાડી. (बेअर) उघडी. Naked. [*batuo*, to beat.
Abate, *v. t.* (ઍબેટ) ઓછું કરવું. (अबेट्) कमी करणें. Make less. L. *Ad*, &
Guests, *n.* (ગેસ્ટ્ઝ) પરોણાઓ. (गेस्ट्स) पाहुणे. Visitors.
Surprised, *v. t.* (સરપ્રાઇઝડ) અનાયબ થયા. (सरप्राइझ्ड्) चकित झाले. Astonished. L. *Super*, & *prehendo*, I seiee. [to seek.
Requzst, *n.* (રિક્વૅસ્ટ) અરજ. (रिक्केस्ट) विनंति. Desire. L. *Re*, & quoero
Firm, *adj.* (ફર્મ) મક્કમ. (फर्म) अटळ. Resolute. L. *Firmus*, firm.
To reason, *inf.* (રીઝન) તકરાર કરવી. (रीझन्) युक्ति, वाद करणें. Argue. L. *Ratio*, reason.
Whim, *n.* (ઉવ્હિમ) ફાંટો. (व्हिम्) लहर. Fancy; strange wish.
Lay on the lashes. તેને ચાબકનો માર મારો. फटके लगावा. Beat him.
Lightly, *ad.* (લાઇટલિ) હળવેથી. (लाइट्ली) हळु. Gently.
Hold, *v. t.* (હોલ્ડ) સબર કરો. (होल्ड्) थांबा, हात आटोपा. Stop.
Partner, *n.* (પારટનર) ભાગીયો. (पार्टनर) भागीदार. Sharer. L. *Pars*, a part.
Shall be sent for, બોલાવવામાં આવશે. बोलावणें पाठविलें जाईल. Called.
Po rter, *n.* (પૉરટર) દરવાન. (पोर्टर) दारवान. Door keeper. L. *Porta*, a gate.
Strictest, *adj.* (સ્ટ્રિક્ટેસ્ટ) સૌથી સખત. (स्ट्रिक्टेस्ट्) चोख, तंतोतंत. Severest; most exact. L. *Stringo*, I draw tight. [दिलें. Dismissed.
Bargain, *n.* (બારગેન) સાટું. (बार्गेन्) साटें. Transaction.
Was turned out, *v. t.* (ટર્નડ) કાઢી મુકવામાં આવ્યો. (टर्न्ड् आउट्) हांकून

(૧.) એક અમીર, જે દરિયે કિનારેથી ઘણે દુર એક મહેલમાં રહેતો હતો,

તે પોતાના લગનની મેજબાની આપવાનો હતો, તેણે પોતાના ઘણાક દોસ્તો અને સગાઓને નોતરાં મોકળ્યા, અને મોટી તૈયારીઓ કીધી, તે મોટાં ટાકણાને માટે પુષ્કળ ગોસ્ત, તરકારી, અને દરેક જાતનાં ફળ હતાં; પણ દરિયો ઘણો તોફાની હતો, તેથી કાંઇબી માછલી મળી શકી નહિ. (૨.) તોપણ, મેજબાનીના દીવસની સહવારેજ એક ગરીબ માછી એક ઘણી સુંદર મોટી માછલી લઇને તે મહેલમાં આવી લાગ્યો. ઘરમાં ઘણી ખુશાલી પેદા થઇ, અને તે માછીને, મોટા ઓરડામાં તે અમીર બેઠો હતો, ત્યા પોતાની પકડેલી માછલી સાથે લાવવામાં આવ્યો. (૩.) તે અમીરે કહ્યું, "ખરેખર આ સરસ માછલીછે, તમારે ગમે તે કિમત માગો, તમને તરત આપવામાં આવશે. આજે મારો લગનને દિવસ છે, તેથી હું તમને એવી ભેટ આપીશ, કે જેવી તમને અગાઉ તમારી જીંદગીમાં મળી ન હોય, કારણ કે તમે હમારી આગળ જે મેળવવાને માટે હમો ઘણા આતુર હતા, તે લાવ્યા છો. તમારી માછલીને માટે તમે શું દામ માગો છો?" તે માછીએ જવાબ આપ્યો, "નામદાર સાહેબ, એક આને ૧પણ નહિ, હું પૈસા લઇશ નહિ. મારી ઉંઘાડી પીઠઉપર એકસો ચાબકના ફટકા તે આ માછલીની કિમત છે. તે સંખ્યામાંથી હું એક ફટકો પણ ઓછો લઇશ નહિ. (૪.) જ્યારે તે અમીર અને તેના પરોણાઓએ આ નવાઇ જેવી અરજ સાંભળી ત્યારે ઘણા અજાયબ થયા, પણ તે માછી મક્કમ હતો, તેઓએ તેની સાથે તકરાર કરવાને, અને તેનો વિચાર ફેરવવાને કોશેશ કીધી, પણ ફોકટ. આખરે તે અમીર બોલ્યા, "ઠીક, ઠીક, આ સખશને અજબ ફાંટો છે, પણ આપણને તે માછલી લેવી જોઇએ. તેથી આસ્તેથી ફટકા મારજો, અને તે કિમત આપણી હાજરીમાં આપવા દો. (૫.) પચાસ ફટકા માર્યા પછી તે માછી બોલ્યો, "સબર, સબર, આ કામમાં મારો એક ભાગીયો છે, અને તે માત્ર વાજબી છે કે તેને તેનો હિસ્સો મળવો જોઇએ." તે અમીર બોલ્યો, "શું દુન્યામાં બે એવા બેવકુફો છો? તે કયાં છે? તેનું નામ દો, અને તેને એકદમ બોલાવવામાં આવશે." (૬.) તે માછી બોલ્યો, "તમારે તેને શોધવા દુર જવાની જરૂર નથી. તમને તે તમારા પોતાના દરબાનના રૂપમાં તમારા પોતાના દરવાજા આગળ મળશે. જ્યાંસુધી મેં તેને વચન આપ્યું, કે જેબી મને મારી માછલીનું મળશે, તેનો અરધો ભાગ તેને મળશે, ત્યાંસુધી તેણે મને પસાર થવા દીધો નહિ." તે અમીર બોલ્યો, "અરે, અરે! તેને એકદમ ઉપર લાવો. ખચીત તેને તેનો અરધો હિસ્સો સખતમા સખત ઇનસાફ સાથે મળશે." (૭.) ત્યારપછી તે દરબાનને ઉપર લાવવામાં આવ્યો અને તેને તે સાટાંનો પોતાનો હિસ્સો લેવો પડયો. ત્યારપછી તેને તે અમીરની નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યો, અને તે માછીને એક મોટી ભેટ આપવામાં આવી.

HOME, SWEET HOME.

Mid, *prep*. (મિડ) વચ્ચે. (मिड्) मध्यें. In the midst of. [I please.
Pleasures, *n*. (પ્લેઝરઝ) ખુશાલી. (प्लेझर्स) सुखें, आनंद. Joys. L. *Placeo*,
Roam, *v. i*. (રોમ) ભટકવું. (रोम्) फिरणें. Wander.
Humble, *adj*. (હમબલ) હલકું. (हम्बलु) लहान, भिकार. Small; low; mean.
L. *Humus*, the ground. [or beauty. L. *Carmen* A song.
Charm, *n*. (ચાર્મ) ખુબસુરતી. (चार्म्) आल्हाददायक सौंदर्य. Pleasing grace
To hallow, *inf*. (હેલો) પવિત્ર કરવું (हॅलो) पवित्र करणें. Make holy.
Seek, *v. i*. (સીક) શોધો. (सीक्) शोधणें. Search. [other place.
Elsewhere, *ad*. (એલ્સઉહ્વેર) બીજે કેઠે. (एल्सव्हेअर) दुसरे कोठें. In any
Exile, *n*. (એકસાઇલ) દેશનીકાલ કાઢેલો. (एक्साइल) देशांतरास गेलेला. One
sent away from home. L. *Ex*, & *Solum*, the ground. [I shine.
Splendour, *n*. (સ્પ્લેન્ડર) ભપકો. (स्प्लेंडर) भपका. Show. L. *Splendeo*,
Dazzles, *v. i*. (ડેઝલ્ઝ) ઝગઝગે છે. (डॅझल्) झगझगणें. Shines brightly so
as to prevent the eyes from seeing.
Lowly, *adj*. (લોલિ) હલકું. (लोली) लहान, गरीबीची. Mean. [straw.
Thatched, *adj*. (થૅચ્ડ) છાયલું. (थॅच्ड्) गवतानें शाकारलेली. Covered with
Gaily, *ad*. (ગેલિ) આનંદથી. (गेली) आनंदानें. Merrily.
Peace, *n*. (પીસ) શાંતી. (पीस्) शांती, समाधान. Calmness. L. *Pax*, peace.

(૧.) જો કે આપણે ખુશાલી અને મહેલમાં રખડીયે, તોપણ, આપણું ઘર ગમે તેવું હલકું હોય તોપણ તેના જેવી કોઇ જગા નથી. આકાશમાંની ખુબસુરતી સઘળાને ત્યે પવિત્ર કરતી જણાય છે. જેને, આખી દુન્યામાં શોધો, તોબી કેઠેથી કદી મળતી નથી. ઘર ! ઘર ! વહાલું ઘર ! ઘરના જેવી કાંઇ જગા નથી. (૨.) ઘરથી દેશ નીકાળ થયલો માણસ ગમે તેટલા ભપકાથી અંજાતો નથી; અરે, મને મારૂં હલકું છાયલું ઝુપડું પાછું આપો ; આનંદથી ગાતાં પક્ષીઓ, જેઓ મારા બોલાવવાથી આવતાં હતાં, તે આપો; આ મને આપો, અને મનની શાંતી, જે સઘળાં કરતાં વધારે વહાલી છે, તે આપો. ઘર! વહાલું, વહાલું ઘર! ઘરના જેવી કોઇ જગા નથી.

I. HOW FRIENDS ARE WON. મિત્રો કેવી રીતે મેળવાય છે. मित्रयोग.

THE MOUSE, THE DEER AND THE CROW. ઉંદર, હરણ, અને કાગડો. उंदीर, हरण
आणि कावळा. [are obtained.
Are won, *v. t*. (ઉવન) મેળવવામાં આવે છે. (वन्) जोडले जातात. Are secured;
Godaveri, *n*. (ગોડાવરી) હિંદુસ્તાનમાં આવેલી એક નદી. (गोदावरी) गोदावरी नदी
A river of India falling into the Bay of Bengal.
In olden days, અસલના વખતમાં, प्राचीन काळीं. In ancient times.
Silk-cotton tree, સીમળાનું ઝાડ. सावरीचें झाड. A kind of tree.
Thither, *ad*. (ધિધર) તે જગાએ. (धिदर) तेथें. To that place.

To roost, *inf.* (રૂસ્ટ) રાતના આરામ લેવા. (**रूस्ट्**) **रात्रीची विश्रांति घेणें.** Rest at night.

Was spent, *v. t.* (સ્પેન્ટ) ખલાસ થઇ. (**स्पेंट्**) **घालविली, खलास झाली.** Was over. | **Lotus,** *n.* (લોટસ) કમળ. (**लोटस**) **कमळ.** Lily.

Perched, *v. i.* (પરચ્ડ) બેઠો. (**पर्च्ड**) **बसला.** Sat.

Light O Leap, *n.* (લાઇટ ઓ લીપ) કુદવામાં ચપળ. (**लाइट् ऑफ् लीप्**) **उड्या मारण्यांत वस्ताद.** Light of leap, one who hops lightly from bough to bough or along the ground.

Fowler, *n.* (ફાઉલર) વાધરી (**फाउलर**) **पांखरें पकडणारा, पारधी.** Bird-catcher.

Approaching, *pres. part.* (ઍપ્રોચિંગ) નજદીક આવતો. (**अप्रोचिंग**) **जवळ येत असतांना.** Coming near. L. *Ad, & prope,* near.

Uneasily, *ad.* (અનઇઝિલિ) હલગીરીથી. (**अनईझिली**) **अस्वस्थतेनें.** With uneasiness. L. *Un, & otium,* ease. [*Moveo,* I move.

Movements, *n.* (મુવમેન્ટ્ઝ) હીલચાલ. (**मूव्हमेंट्स्**) **हालचाल.** Motions, L.

Mischief, *n.* (મિસ્ચીફ) ખોટું ; નુકસાન. (**मिश्चिफ्**) **दुष्टपणाचें कृत्य; नुकसान.** Evil work ; wrong-doing, L. *Mis,* bad, & *caput,* the head.

Was up to, કરવાનો હતો. **धारलें होतें, बेतांत होता.** Had in mind.

Presently, *ad.* (પરેઝન્ટલિ) તરતજ. (**प्रेझेंट्ली**) **इतक्यांत.** Soon.

Net, *n.* (નેટ) જાળ. (**नेट्**) **जाळें.** Snare.

Scattered, *v. t.* (સ્કૅટરડ) પાંઠર્યાં. (**स्कॅटर्ड्**) **पसरले.** Spread.

Withdrew, *v. t.* (ઉવિથડ્રૂ) ગયો. (**वुइथ्ड्रयू**) **मागें परतला.** Retired.

Speckle-neck, *n.* (સ્પેકલ-નેક) ઢાબાંવાળી ગરદનવાળો. (**स्पेक्लनेक्**) **ठिपस्यांच्या मानेचा.** Having spots on the neck.

Chanced to be passing, ભોગજોગે પસાર થતો હતો. **सहज जात होता.** Was by chance passing. L. *Cado,* I fall. [*Cohors,* a court yard.

Court, *n.* (કૉર્ટ) દરબારીઓ. (**कोर्ट्**) **दरबारी लोक, अनुचर.** Courtiers. L.

Caught sight of, જોયા. **पाहिलें.** Saw. [that.

Thereupon, *ad.* (ધેરઅપૉન) તે ઉપરથી. (**देअर अपॉन्**) **हें पाहून, त्यानंतर.** Upon

Followers, *n.* (ફૉલોઅરઝ) હજુરીયાઓ. (**फालोअर्स**) **अनुयायी.** Courtiers.

Possibly, *ad.* (પૉસિબલિ) બનવા જોગ. (**पॉसिब्ली**) **संभवनीय.** Likely. L. *Potis, & esse,* to be.

Uncultivated, *adj.* (અનકલટિવેટેડ) ખેડ્યાવગરની. (**अनकल्टिव्हेटेड्**) **ओसाड, [बिनलागवडीचें.** Untilled. L. *Un, & colo,* I cultivate.

See into, તપાસવું. **तपासून पहाणें.** Watch. [down.

Ruin, *v. t.* (રૂઇન) પાયમાલ કરવું. (**रुइन्**) **नाश करणें.** Undo. L. *Ruo,* to fall

Was pecking, *v. i.* (પૅકિંગ) ચાંચવડે વીણીને ખાતું હતું. (**पेकिंग्**) **चोंचावणें. टिपणें.** Was lifting up food with the beak.

Deccan, *n.* (ડેક્કન) દખણ. (**डेक्कन्**) **दक्षिणदेश** Southern India. [bath.

Newly bathed, તરતનો નહાયેલો **नुकताच स्नान केलेला.** Who had just taken a

Pool, *n.* (પુલ) પાણીનું ખાબોચીઉં. (**पूल्**) **डबकें.** A small collection of water

in a hollow place. L. *Palus*, a swamp.

Kusa-grass, *n.* (કુસ-ગ્રાસ) દર્ભ. (कुशग्रास) दर्भ. Grass used by the Hindus in religious ceremonies. [ing.

Kept calling out, બુમ પાડવાનું ચાલુ રાખ્યું. ओरडत राहिला. Continued shout-

Bangle, *n.* (બૅનગલ) બાંગડી. (बँगल) कंकण, बांगडी. An ornament for the wrist. | Greedy, *adj.* (ગ્રીડિ) લોભી. (ग्रीडी) लोभी. Rapacious.

Risk my neck, મારી જીંદગી જોખમમાં નાખવું. जीव धोंक्यांत टाकणें. Risk my life.

Risk, *n.* (રિસ્ક) જોખમ. (रिस्क्) साहस. Peril.

At least, *ad.* (ઍટલીસ્ટ) કાંઇ નહિ તો. ऍट्लीस्ट्) निदान. At all events.

Stretched, *v. t.* (સ્ટ્રેચ્ડ) લાંબો કીધો. (स्ट्रेच्ड्) पुढें केला. Extended.

H'm, *interj.* (હં) હં. (हम्) हं. An expression with a voluntary cough to show doubt.

Fierce, *adj.* (ફિયર્સ) ઝનુની. (फिअर्स) भयंकर. Wild. L. *Ferox*, fierce.

Brute, *n.* (બ્રુટ) હેવાન. (ब्रूट) पशु. Beast. L. *Brutus*, dumb.

Cubhood, *n.* (કબહુડ) બચપણ. (कब्हुड्)बचेपण. Childhood; youth.

Wicked, *adj.* (ઇવિકેડ) દુષ્ટ. (वुइकेड्) दुष्ट. Sinful.

Without number, સંખ્યાબંધ. असंख्य. Numberless.

Cousin, *n.* (કઝન) પિત્રાઇ. (कझन) चुलत भावंड. The son or daughter of an uncle or aunt. L. *Con*, & *sanguis*, blood.

Lately, *ad.* (લેટલિ) થોડુંકની વાત ઉપર. (लेट्ली) नुकताच. Recently.

Virtuous, *adj.* (વરચ્યુઅસ) સદ્ગુણી. (व्हर्चुअस) सद्गुणी. Good; holy. L. *Vir*, a man. [vised, L. *Consulo*, to consult.

Counselled, *v. t.* (કાઉનસેલ્ડ) શીખામણ દીધી. (काउन्सेल्ड) उपदेश केला. Ad-

To practise, *inf.* (પ્રેક્ટિસ) ટેવ પાડવી. (प्रॅक्टिस्) चाल पाडणें. Perform habitually. Gr. *Prasso*, to do.

Almsgiving, *ger.* (આમઝ ગિવિંગ) ખેરાત આપવી. (आम्स्गिव्हिंग्) धर्म करणें. Giving money or food to the poor. [tight.

Strict, *adj.* (સ્ટ્રિક્ટ) ચોકકસ. (स्ट्रिक्ट्) दक्ष. Partioular. L. *Stringo*, I draw

Fangs, *n.* (ફૅન્ગઝ) આગળના દાંતો. (फॅन्ग्ज्) दांत. Teeth. [न धरणें. Not trust.

Mistrust, *v. t.* (મિસટ્રસ્ટ) ભરૂંસો નહિ મુકે. (मिस्ट्रस्ट) गैर विश्वास करणें, भरंवसा

Conquered, *v. t.* (કૉનકરડ) વશ કીધું. (कॉंकर्ड) जिंकलें; आत्मसंयमन. Subdued. L. *Con*, & *quoero*, to seek. [only of one's self.

Selfishness, *n.* (સેલફિશનેસ) આપમતલબ. (सेल्फिश्नेस)आपमतलब. Thinking

Whoso, *pron.* (હુસો) જે કોઇ. (हूसो) जो कोणी. Whoever. [water or mud.

Wade, *v. i.* (ઉવેડ) પાણીમાં ચાલવું. (वेड) पाण्यांतून चालणें. Walk through

Determined, *v. t.* (ડિટરમિન્ડ) ઠરાવ કીધો. (डिटर्मिन्ड) निश्चय केला. Resolved. L. *De*, & *terminus*, a limit.

Plunged, *p. p.* (પ્લનજડ) ગરક થયેલો. (प्लंज्ड) रुतला. Stuck.

Art stuck, *v. t.* (સ્ટક) ચોંટી બેઠા. (स्टक्) रुतलास्. Fixed.

Wretched, *adj.* (રેચેડ) કમનસીબ. (रेचेड) बापडा. Unhappy.

Devoured, *v. t.* (ડિવાવરડ) ખાઈ ગયો. (**डिव्हावर्ड**) **खाऊन टाकलें**. Ate up.
L. *De*, & *voro*, I devour.

(૧.) ગોદાવરીના કિનારે, અસલના વખતમાં એક મોટું સીમલાનું ઝાડ આવેલું હતું. અને ત્યાં, રાત્રે, સઘળાં ભાગોમાંથી અને જગ્યાએથી, પક્ષીઓ આરામ લેવા આવતાં હતાં, હવે એકવાર, જ્યારે રાત તરતની ખલાસ થઇ હતી, અને સફેદ કમળ ફુલનો ચાહનાર, પ્રકાશતો ચંદ્ર, પશ્ચિમ તરફની ટેકરીની પછવાડે અસ્ત પામતો હતો, ત્યારે "ફુદવામાં ચપળ" નામનો એક કાગડો, જે ત્યાં બેઠો હતો, તેણે પોતાની આંખ ઉંઘાડી, અને પોતાની મોટી અજાયબી વચ્ચે, એક વાધરી એટલે કે બીજા યમદેવને નજદીક આવતાં જોયો. તે માણસની હીલચાલ પુઠે પુઠે જઈને જોવાને, અને તે શું નુકસાન કરવા માગતો હતો, તે શોધી કાઢવાને, જ્યારે તે બેચેનીથી ઉડી ગયો, ત્યારે તે દેખાવ જોઇને તે વિચારમાં પડયો. તરતજ તે વાઘરીએ જમીન ઉપર એક જાળ ગોઠવી, આસપાસ ચોખાના દાણા વેર્યા, અને સંતાઇ જવાને જતો રહ્યો. (૨.) આ પળે, કબુતરનો રાજા, સ્પેકલ-નેક, પોતાના દરબારીઓ સાથે, ભોગજોગે આકાશમાંથી પસાર થતો હતો, અને ચોખાના દાણા જોયા. તે ઉપરથી કબુતરના રાજાએ, પોતાના ચોખાના શોખીન હજુરિયાઓને પુછ્યું, "આ વગર ખેડેલાં જંગલમાં અહિંયાં આ શું ચોખાના દાણા હોઈ શકે? અલબતાં આપણે તે તપાસીશું, પણ આપણને તેનો દેખાવ ગમતો નથી, જેમ મુસાફર પાયમાળ થયો હતો, તેમ ચોખાનો શોખ આપણને પાયમાળ કરે." કબુતરોએ પુછ્યું, "તે કેમ બન્યું?" (૩.) સ્પેકલ-નેકે જવાબ આપ્યો, "આ પ્રમાણે, એક દિવસ હું દખણના જંગલમાં અહીં તહીં વીણીને ખાતો હતો, અને એક બુઢા વાઘને, તરતનો નાહીને એક ખાબોચીયાંના કિનારા ઉપર એક બ્રાહમણની માફક અને પવિત્ર દર્ભ પોતાના પંજામાં રાખીને બેઠેલો જોયો. તેણે હાંક મારીને બોલવાનું ચાલુ રાખ્યું, "ઓ તમે મુસાફરો, આ સુનાની બાંગડી લો!" (૪.) તરતજ એક લોભી માણસ નજદીકથી પસાર થયો, અને તેનું બોલવું સાંભળ્યું. તેણે વિચાર કીધો, "અરે આ જરા નસીબ ખીલે તેમ છે અને તોપણ તેને માટે મને મારી જીંદગી જોખમમાં નાખવી જોઇએ નહિ. પણ સઘળો લાભ જોખમ ખેડવાથી મળે છે, તેથી હું કાંઈ નહિ તો તે તપાસી જોઈશ"; ત્યારપછી તેણે બુમ પાડીને કહ્યું, "તારી બાંગડી કયાં છે?" (૫.) તે વાઘે પોતાનો પંજો લાંબો કીધો અને તે દેખાડી. તે મુસાફર બોલ્યો, "હં, તારા જેવા એક ઝનુની હેવાન ઉપર મારાથી વિશ્વાશ મેળી શકાય કે?" (૬.) તે વાઘે જબાબ આપ્યો, "સાંભળ, એક વાર મારા બચપણના વખતમાં, હું જાણું છું કે હું ઘણો દુષ્ટ હતો. મે સંખ્યાબંધ ગાયો, બ્રાહ્મણો, અને માણસોને મારી નાખ્યાં—અને તેને માટે મારી બાયડી છોકરાં મરણ પામ્યાં—અને મારો એક પિતરાઈ પણ રહ્યો નથી. પણ થોડા વખતની વાત ઉપર મને એક સદગુણી માણસ મળ્યો, કે જેણે મને દાન આપવાના કામનો મહાવરો પાડવાની સલાહ આપી—અને જેમ તુ જોય છે, તેમ હું દર સહવારે નાહવામાં, અને ગરીબોને દાન આપવામાં બહુ ચોકકસ છું. એ ઉપરાંત, હું બુઢો થયો છું, અને મારા નખ અને દાંત જતા રહ્યા છે. તેથી મારી ઉપર કોણ ભરૂસો નહિ રાખે! અને એકલપેટાપણાને મે એટલું બધું વશ કર્યું છે કે જેબી કોઈ આવે, તેને માટે હું સોનાની બાંગડી રાખું છું. તું ગરીબ દેખાય છે! હું તુને તે આપીશ. તેટલા માટે ખાબોચીયામાંથી ચાલી આવ, અને બાંગડી લે. (૭.) તે ઉપરથી તે લોભી મુસાફરે તેના ઉપર વિસ્વાશ મેળવાનો ઠડાવ કીધો, અને ખાબોચીયામાં ચાલ્યો, જ્યાં તેણે તરતજ પોતાને કાદવમાં ગરક થયલો, અને હાલવા ચાલવાને અશકત થયલો જોયો. તે વાઘ બોલ્યો, "અરે, અરે, તું કાદવમાં ચીટકી બેઠો છે? સબર, હું તને બહાર કાઢીશ!"

એમ કહીને તે પેલા કમનસીબ માણસની નજદીક ગયો, તેને પકડયો, અને તેને ખાઈ ગયો.

II. HOW FRIENDS ARE WON.

૨. મિત્ર કેમ મેળવાય. मित्रयोग.

THE MOUSE, THE DEER, AND THE CROW (continued).

ઉંદર, હરણ અને કાગડો (ચાલુ)

Greed, *n.* (ગ્રીડ) લોભ. (ग्रीड्) लोभ. Avarice.

Caution, *n.* (કૉશન) સાવચેતી. (कॉशन्) सावधगिरी. Care. L. *Caveo*, to take care.

In view, નજરે પડતું. दिसेसें, नजरेसमोर. In sight L. *Video*, I see.

Risk, *n.* (રિસ્ક) જોખમ. (रिस्क) धोका, जोखिम. Peril. [& *utor*, I use.

To abuse, *inf.* (ઍબ્યુઝ) ગાળ દેવી. (अब्युज्) शिव्या देणें. Reproach. L. *Ab*,

Had led, *v. t.* (લેડ) લઈ ગયા; લલચાવ્યા. (लेड्) मन वळविलें. Carried; induced.

Blame, *n.* (બ્લેમ) ઠપકો. (ब्लेम्) दोष. Reproach; censure.

Reproaches, *n.* (રિપ્રોચિઝ) તાણા. (रिप्रोचेस्) दोष. Blames. L. *Reciprocus*, turning back the same way.

Fault, *n.* (ફૉલ્ટ) વાંક (फॉल्ट्) वाक. Failing L. *Fallo*, to deceive.

Fate, *n.* (ફેટ) કીસ્મત. (फेट) दैव. Destiny. L. *Fari*, to speak.

Trouble, *n.* (ટ્રબલ) સંકટ. (ट्रबल्) संकट. Distress.

Escape, *n.* (એસ્કેપ) છટકી જવું. (एस्केप्) सुटका. Flight.

Sages, *n.* (સેજીઝ) ડાહ્યા માણસો. (सेजीस्) ज्ञानी. Wise men; rishis. L. *Sagio*, to perceive quickly. [appointed.

Is cast down, નાસીપાસ થઇ જાય છે. हताश होणें. Is disheartened; is dis-

Ill-fortune, *n.* (ઈલ-ફૉર્ચ્યુન) કમનસીબ. (इलफॉर्चुन) कमनशिब, विपरीत काळ. Ill-luck. L. *Fors*, a chance.

Are puffed up, (પફડ) ફુલી જાય છે. (पफ्ड) फुगुन गेलेला. Made proud.

Weak, *adj.* (વીક) નબળા. (वुईक) दुर्बळ. Feeble.

Act, *v. i.* (ઍક્ટ) કામ કરે. (ॲक्ट) काम करणें, वागणें. Work. L. *Ago*, to do.

Singly, *ad.* (સિંગલી) છુટા. (सिंग्ली) एकेकट्यानें. Separately L. *Singulus*, single.

Effect, *v. t.* (ઍફેક્ટ) કરવું. (इफेक्ट्) घडवून आणणें. Do. L. *E*, & *facio*, I do.

